તા.૨૦/૧૨/૨૦૧૬

# છૂટા આપવાને નામે ઠગાઈના કેસનો મુખ્ય સૂત્રધાર પકડાયો

સુરતઃ રૂ. ૧.૪૦ લાખની ૨૦૦૦ની નવી નોટના બદલામાં ૧૦૦-૧૦૦ની નોટના છૂટા આપવાના નામે ઠગાઈ કરનાર ટોળકીના મુખ્ય સૂત્રધાર ડિંડોલીના બિપીનસિંઘ ઠાકરની લિંબાયત પોલીસે ધરપકડ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે લિંબાયતમાં મીઠીખાડી ખાતે રમાબાઈ ચોકમાં રહેતા સલમાનખાન પઠાણ કાપડ દલાલીનું કામ કરે છે. પિતરાઈ બહેનના લગ્ન હોય સલમાને ૨૦૦૦ના દરની ૭૦ નોટ એટલે કે ૧.૪૦ લાખ એકત્ર કર્યા હતા. લગ્નપ્રસંગે છૂટાની જરૂરિયાત પડતી હોય સલમાને બિપીન ઠાકરનો સંપર્ક કર્યો હતો. બિપીને ૧.૪૦ લાખની નવી ૨૦૦૦ની નોટના બદલામાં ૧૦૦-૧૦૦ની નોટ આપવાની અને આ કામ પેટે બિપીને ૫ હજાર રૂપિયા કમિશનની વાત કરી હતી. જોકે, બિપીને પોતાની ટોળકી સાથે મળી પોલીસના નામે દમદાટી આપી રૂપિયા ૧.૪૦ લાખ લઈ તેઓ કારમાં ભાગી ગયા હતા.

ઉધના પોલીસે આ ગેંગના રાજુ પટેલ, સુરેશ મકવાણા, દક્ષા ડાભી અને નકલી પોલીસ ભાવના જોષીની ધરપકડ કરી હતી. આ કેસનો મુખ્ય સૂત્રધાર બિપીન ઠાકર ફરાર હતો. જેને લિંબાયત પોલીસે આજરોજ પકડી પાડ્યો હતો. પોલીસે બિપીનસિંઘ નનકુસિંઘ ઠાકર (ઉં.વ. ૨૩, રહે. બજરંગનગર, મિલેનિયમ પાર્ક પાસે, ડિંડોલી)ની ધરપકડ કરી હતી. બિપિનસિંઘ કેળાની વખાર ચલાવતો હતો.